Policy Leeds

UNIVERSITY OF LEEDS



# જાહેર આરોગ્ય કટોકટી દરમિયાન BAME પરિવારો અને સમુદાયોમાં કુશળતા અને સ્થિતિસ્થાપકતાનું રક્ષણ કરવા વિષે


નોંધ નંબર. 5
15 જૂન 2022

પોલિસિ લીડ્સ (Policy Leeds)
યુનિવર્સિટિ ઓફ લીડ્સ (Leeds)
leeds.ac.uk/policy-leeds


## Co-POWeR: BAME પરિવારો અને સમુદાયોમાં કુશળતા અને સ્થિતિસ્થાપકતાની પ્રથાઓ માટેનું કન્સોર્ટિઅમ


રોગચાળાનો સામનો કરતી વખતે જાતિ, લિંગ અને વર્ગની અવગણના કરવાથી, સમગ્ર એશિયન અને લઘુમતી વંશીય પરિવારો અને સમુદાયોમાં (BAME FC) માત્ર કુશળતાને નહિ પણ સરકારમાં તેમના વિશ્વાસના સ્તરને પણ નુકસાન થઇ શકે. જાહેર આરોગ્યની કટોકટી દરમિયાન BAME FC માં કુશળતા અને સ્થિતિસ્થાપકતાનું રક્ષણ કરવા માટેનું એક માળખું Co-POWeR દ્વારા વિકસાવી ખાતરી કરવામાં આવી હતી કે કાનૂન અને માર્ગદર્શનનું સાંસ્કૃતિક રીતે સુયોગ્ય કરી અને અપનાવવામાં આવતા હતાં.


કોવિડ-19 (COVID-19) રોગચાળાની અસમાનતાઓ એપ્રિલ 2020 સુધીમાં સ્પષ્ટ થઇ ગઇ હતી જ્યારે ડેટાએ એવું બતાવ્યું કે ઇંગ્લૅન્ડમાં વસ્તી માત્ર 3.5% હોવા છતાં, જેમાં અશ્વેત લોકો વાયરસથી મૃત્યુ પામેલા લોકોમાં સમાવેશ થતાં 5.8% હતાં; જ્યારે ગોરા કે વાઇટ લોકો, જે કુલ વસ્તીના સમાવેશ થતાં 85.3% હતાં, જેઓ મૃત્યુ પામેલામાં 73.6% હતાં. આવી અપ્રમાણસરતાની અસર, દાખલા તરીકે, ઓવર- પોલિસિંગ સાથે ચાલુ રહી: માર્ચ 2021 માં પૂરા થતાં વર્ષમાં 32% સ્ટોપ અને સર્ચ 15-34 BAME પુરુષોના હતાં, જો કે તેઓ વસ્તીના માત્ર 2.6% હતાં.

રોગચાળાને સંચાલિત કરવા માટે રજૂ કરવામાં આવેલ કટોકટીના પગલાએ બધીજ ઉંમરના BAME FC ને અસર કરતું નુકસાનકારક ચક્ર બનાવવા માટે સાથે મળીને કામ કર્યુ હતું. મહત્વના કાર્યકરો – આવશ્યક સેવાઓ પૂરી પાડવા જતાં પોલીસ દ્વારા અવારનવાર અટકાવવામાં આવતા હતાં - ચેપને ટાળવા માટે ફર્લો અથવા ઘરેથી કામ કરી શકતા ન હતાં, અથવા તેમના બાળકોને હોમ-સ્કૂલિંગમાં ટેકો આપી શકતા ન હતાં. હાઇ- ઓકયુપન્સી ઘરોમાં બાળકો પાસે શીખવા માટે પૂરતી જગ્યા અને/અથવા સાધનોનો અભાવ હતો; આવા ઘરોમાં પણ મુખ્ય કાર્યકરો માટે કામ પર વિસ્તૃત કલાકો પછી પોતાને પુનર્સ્થાપિત કરવા માટે નવરાશ કે ફુરસદની જગ્યાનો અભાવ પણ હતો. વધારે પડતા -પોલિસિંગે BAME લોકોમાં પેઢીઓ સુધી ભય પેદા કરી નિરુત્સાહી બનાવ્યા હતાં – કે જેમાં હરી ફરી શકતા વયોવૃધ્ધોનો સમાવેશ થાય છે - અને ગરિદીવાળા ઘરોમાંથી કાયદેસરની કસરત કરવા માટે અટકાવ્યા હતાં, જેઓએ આવું કર્યુ હોય તેઓને નિશ્ચિત દંડની નોટિસ અને ફોજદારી રેકોર્ડ મેળવવાના ભયનો સામનો કરવો પડયો હતો.

આ ઊંડી સમજ Co-POWeR દ્વારા પોલિસિંગ, બાળ કલ્યાણ, સંભાળ, શારીરિક પ્રવૃતિ અને પોષણ પર કટોકટીના પગલાની સુસંગત અસરો વિષેના સંશોધનમાંથી ઉદભવી હતી. સામુદાયિક જોડાણનો ઉપયોગ કરીને, 1000 સહભાગીઓ અને ઇન્ટરવ્યૂઝ, ફોકસ જૂથો, સહભાગી વર્કશોપ્સ અને સામુદાયિક પુરાવાના દિવસો સાથે કુલ 400 થી વધારે લોકો સાથેના સર્વેક્ષણનો ઉપયોગ કરીને, કોવિડ-19ની (Covid-19) સંયુક્ત અસર અને યૂકેમાં (UK) BAME FC માં કુશળતા અને સ્થિતિસ્થાપકતા પર ભેદભાવની અમે શોધ કરી હતી. આ નીતિની નોંધ અમારા તારણોને કલા અને માધ્યમના સંદેશાવ્યવહારો, પ્રણાલીઓ અને રચનાઓ, કમ્યૂનિટિ અને વ્યક્તિગત કુશળતા અને સ્થિતિસ્થાપકતાને લગતી ભલામણોના માળખામાં સંક્ષિપ્ત કે પાકુ કરે છે. અમે ટૂંકા ગાળાની પ્રતિક્રિયાને બદલે લાંબા ગાળાની ક્રિયાઓને પ્રોત્સાહન આપીએ છીએ.

Policy Leeds

## BAME FCમાં કુશલતા અને સ્થતિસ્થિાપકતા માટેનું માળખુ

### કલા અને માધ્યમ સંદેશાવ્યવહાર

કાર્ય: BAME FC માટે બધા વંશીય જૂથો અને સમુદાયો માટે સુલભ અને સર્વસમાવેશક હોય તેવા સર્જનાત્મક કલા કાર્યક્રમો, યોજનાઓ અને સુવિધાઓ વિકસાવીને ઉત્પાદકો અને ઉપભોક્તા તરીકે રચનાત્મક કળામાં સંપૂર્ણપણે સહભાગી થવાની તકો પૂરી પાડવી.

કોણ: આરોગ્ય અને સોશ્યલ કેર વિભાગ, સ્થાનિક કે લોકલ કાઉન્સિલો અને બધી આર્ટ્સ કાઉન્સિલો.

શા માટે: બધાજ સમુદાયોના – આરોગ્ય, શારીરિક, માનસિક અને સોશ્યલ કુશળતા અને સ્થતિસ્થિાપકતા માટે – રચનાત્મક કલાની જોગવાઇ અને સુલભતા આવશ્યક છે.  આ કાર્ય ખાતરી કરશે કે કલાઓનો ઉપયોગ હકારાત્મક વર્ણનો દ્વારા BAME FC ને સશકત બનાવવા, રજૂઆતો અને દ્રશ્યતામાં સુધારો કરવા માટે થાય છે.  સહભાગી દ્વારા મૂકવામાં આવ્યા મૂજબ: “...અમે જીમનું સ્વરૂપ બદલયુ છે... અમે તાલીમથી લઇને બહાર દોડવાથી બચવા માટે પોસ્ટ કરીએ છીએ, કેટલીક મનોરંજન વસ્તુઓ જે આપણે કરીએ છીએ... તેથી જો કોઇ એક બહારથી અંદર જોઇ રહ્યું હોય તો, તેઓને જીમનું કોઇ એક અલગ વધારે સ્વાગત કરતુ સ્વરૂપ જોવા મળશે.” આવા હકારાત્મક વર્ણનો નબળા યુવાનોને જોડી અને તેમનું વિઘટન કરે છે, અને નાગરિક સમાજની જીવંતતા અને જીવન શક્તિને પણ પ્રોત્સાહન આપે છે.

### પધ્ધતિઓ અને રચનાઓ

કાર્ય: જાહેર સત્તાવાળાઓમાં વિશ્વાસ વધારવા માટે, જાહેર આરોગ્ય કાયદા અને માર્ગદર્શનના અનુપાલનના અમલીકરણ અથવા દેખરેખ માટેની પ્રક્રિયાઓમાં પોલીસની કોઇ ભૂમિકા હોવી જોઇએ નહિ; આ પ્રક્રિયાઓને BAME FC સાથે પરામર્શ કરીને વિકસાવવી જોઇએ, અને તેનો સંબંધ ધરાવનારી કમ્યૂનિટિ ભાષાઓમાં તરજૂમો કરવો જોઇએ.

કોણ: ન્યાય મંત્રાલય અને જાહેર આરોગ્યના સત્તાવાળાઓ.

શા માટે: કોવિડ-19 (COVID-19) રોગચાળો શરૂ થયો ત્યારથી, સત્તાવાર આરોગ્ય માર્ગદર્શન અને યૂકે સરકારમાં વિશ્વાસ ઘટયો છે, જે લોકો સંમત થયા છે કે તેમને સત્તાવાર આરોગ્ય માર્ગદર્શિકામાં ઓછો વિશ્વાસ છે જે 11% થી વધીને 32% થઇ રહયો છે, અને જેઓ સંમત થાય છે કે તેઓને યૂકે સરકાર પર 23% થી 38% સુધી ઓછો વિશ્વાસ છે. BAME FC ના લોકોની હાલની અપ્રમાણસર પોલિસિંગ ધ્યાનમાં રાખીને, પોલીસ સત્તાઓને મજબૂત કરવાથી બધા જાહેર સત્તાવાળાઓમાં વિશ્વાસ ઘટે છે અને રોગચાળા જેવી જાહેર આરોગ્ય કટોકટી પ્રત્યે ધ્યાન આપવા માટે રજૂ કરવામાં આવેલા કાયદાઓની એકંદર અસરકારકતાને નબળી પાડે છે.  જ્યારે જાહેર આરોગ્યના માપ- પરિમાણો સાથે જોડવામાં આવે ત્યારે, પોલીસ સત્તાઓ પ્રતિકૂળ અને કાર્ય માટે અયોગ્ય હોય છે.

### સામુદાયિક કુશલતા અને સ્થતિસ્થિાપકતા

કાર્ય 1: સામુદાયિક જૂથો અને સેવાઓ મારફતે શારીરિક પ્રવૃતિ અને પોષણ પર સાંસ્કૃતિક રીતે પ્રસ્તુત કાર્યક્રમોને ભંડોળ પૂરું પાડવું.

કોણ: આરોગ્ય સુધારણાની ઓફિસ અને વિષમતાઓ.

શા માટે: સ્વૈચ્છિક સામુદાયિક જૂથો કે જેઓ શારીરિક પ્રવૃતિ, તંદુરસ્ત આહાર અને માનસિક કુશલતાને ટેકો આપે છે તેઓને સાધન સામગ્રીઓના અભાવે રોગચાળાને કારણે ભારે ફટકો પડયો હતો. “હું આ લંચ કલબ સાથે સમાવિષ્ટ થયેલ છું... જે મને બહાર નીકળવામાં, એકલતા અટકાવવામાં મદદ કરે છે અને આપણે તંદુરસ્ત આહાર વિષે ઘણું શીખીએ છીએ... પણ રોગચાળાએ તેને એક પ્રકારની અસર કરી છે’”. સરકારે હાલના BAME સામુદાયિક જૂથો સાથે મળીને કામ કરવું જોઇએ, તેમના વિશ્વાસના માળખાનું નિર્માણ કરી અને જેઓને સમર્થનની જરૂર હોય તેઓની સુગમતામાં વધારો કરવો.”

કાર્ય 2: સ્થાનિક યુવાન સેવાઓમાં લાંબા-ગાળાનું રોકાણ, જે સ્થાનિક સમુદાયોની જરૂરિયાતોને અનુરૂપ, તેઓને બિન-નિર્ણાયક સલામત જગ્યાઓ પૂરી પાડવા માટે જરૂરી છે, જેમાં BAME પરિવારો દ્વારા સામનો કરવામાં આવતી વંશીય અને બીજી માળખાને લગતી અસમાનતાઓને ધ્યાનમાં લેવામાં આવે.

કોણ: સંયુકતરીતે આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ, અને સ્થાનિક સરકાર.

શા માટે: BAME સમુદાયો જ્યારે સેવાઓની સુગમતા કે પ્રવેશ કરતી વખતે વિરુધ્ધપણાની અપેક્ષા રાખતા હોય છે. બ્રેડફોર્ડના એક બંગલાદેશી, મુસ્લિમ પિતાએ અમને કહયું હતું કે “અમે તેને વિશિષ્ટ રાખવાનું નથી કહેતા, પણ એટલા માટે કે અમે આ સમાજમાં રહીએ છીએ... તેઓએ (સરકારે) અમારી તપાસ રાખી અને કહેવું જોઇએ કે ‘જૂઓ તેઓને એક જરૂરિયાત છે, કે જે પરિપૂરણ કરવાની જરૂર છે’... સેવાઓને અનુકૂળ બનાવો”. તેમની પત્નીએ ઉમેર્યુ હતું કે “એક પરિમાણ બધાને બંધબેસતુ નથી... તમારે (એક) વ્યક્તિગત સમુદાય અને તેઓની જરૂરિયાતો પ્રત્યે ધ્યાન આપવું જોઇએ”.

### વ્યક્તિગત કુશલતા અને સ્થતિસ્થિાપકતા

કાર્ય: પગાર વગરના સંભાળ રાખનારાઓ માટે સાર સંભાળના અલાવન્સ વધારવું જોઇએ જેથી તેઓ વૃધ્ધ લોકો અને તેઓની પોતાની સંભાળ મહત્વપૂર્ણ રીતે રાખી શકે.

કોણ: ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ સોશ્યલ કેર, ડિપાર્ટમેન્ટ ઓફ વર્ક એન્ડ પેનશન્સ.

શા માટે: સાર સંભાળને કોઇ એક કાર્ય તરીકે માન્યતા આપવી, કે જે યૂકેના અર્થતંત્રમાં ફાળો આપે છે, તે મહત્વપૂર્ણ છે. એક સંભાળ લેનારે કહયું: “અમે ત્યાં વૃધ્ધ લોકો, નબળા લોકોની સંભાળ રાખી રહ્યા છીએ... અમે જે કામ કરી રહ્યા છીએ તે ઘણુ બધુ છે.” સમાનતા, વિવિધિતા અને સમાવેશમાં સુધારો કરવો જોઇએ જેથી વેતન મેળવતા અને અવેતન સપોર્ટ કેર કાર્યકરોના વંશીય અને જાતિય ભેદભાવને અટકાવી શકાય: જેમકે એક સહભાગીએ સવાલ કરયો હતો કે “શું તમે વાયરસ સામે લડી રહ્યા છો અથવા તમે જાતિવાદ સામે લડી રહ્યા છો? તમે જાણતા નથી કે કોની સાથે લડવું”.

### વધારે માહિતી

કન્સોર્ટિઅમ ઓન પ્રેકટિસીસ ઓફ વેલબીઇંગ એન્ડ રેઝલિયિન્સ ઇન BAME ફેમિલિઝ એન્ડ કમ્યૂનિટિઝ (Co-POWeR) એ 18-મહિનાના ESRC દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતુ સંશોધન કન્સોર્ટિઅમ છે, જેની રચના યુનવિર્સિટિ ઓફ લીડ્ઝ (Universities of Leeds), સસેકસ ગોલ્ડસ્મિથ્સ (Sussex, Goldsmiths), UEL, સાઉથેમ્પટન (Southampton), સાઉથ વેલ્સ (South Wales), રોયલ હોલોવે (Royal Holloway), UCL અને વોરિકના (Warwick) સ્થળે BAME ના પ્રોફેસરો દ્વારા કરવામાં આવી હતી. co-power.leeds.ac.uk

સંબંધ ધરાવનાર લેખક: Iyiola Solanke (i.solanke@leeds.ac.uk )
ઇમેઇલ: i.solanke@leeds.ac.uk
ફાળો આપનારા લેખકો: Florence Ayisi, Claudia Bernard, Gargi Bhattacharyya, Anna Gupta, Raminder Kaur, Monica Lakhanpaul, Sabu Padmadas, Shirin M. Rai, Maria Stokes.
અમે BAME શબ્દના ઉપયોગ પરની વિશાળ ચર્ચાને સ્વીકારીએ છીએ.

© The Authors 2022, except front page image © Shutterstock, rights reserved. Editorial credit: Sandor Szmutko / Shutterstock.com. DOI: https://doi.org/10.48785/100/116. Licensed under Creative Commons (CC-BY 4.0).

Tel. +44 (0)113 2431751
policyleeds@leeds.ac.uk
leeds.ac.uk/policy-leeds
@policyleeds

UNIVERSITY OF LEEDS

Policy Leeds
University of Leeds
Leeds, United Kingdom LS2 9JT